**સેશન્સ કેસ નં.૨૧/૨૦૨૧**

**આંક–૩૦૧ નીચે હુકમ :**

૧. હાલની અરજી, સ્પે.પી.પી.તરફે આપવામાં આવેલ છે અને જણાવેલ છે કે આ કામમાં સાહેદ ચંદ્રિકાબેન જશુભાઇ કોળીની જુબાની ચાલુ છે આ દરમ્યાંન તેઓ બહારગામ મોકલેલ ટપાલનુ રજી. રજુ કરવા માંગે છે જેની પ્રમાણીત નકલ આ કામમાં આંક–૩૦૨ થી રજુ કરેલ છે જેથી સાહેદ ચંદ્રિકાબેન કોળીની જુબાની દરમ્યાંન બહારગામ જાવક ટપાલ રજીસ્ટર પુરવામાં રજુ કરવા અને તે સંદર્ભે સાહેદની જુબાની આપવા તથા રજીસ્ટરને આંક આપી પુરાવામાં વંચાણે લેવા રજુઆત કરેલ છે.

૨. આ સંદર્ભે બચાવ પક્ષ તરફથી વાંધો લેવામાં આવેલ છે અને આરોપી નં.૬ તરફે આંક–૩૦૩ થી વાંધા રજુ કરી જણાવેલ છે કે ક્રિ.પ્રો.કોડની કલમ ૨૨૬ તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૪૯ મુજબ ફરીયાદ પક્ષે તેઓના તમામ પુરાવા અગાઉથી રજુ કરવાના રહે છે અને બચાવ પક્ષે પોતાનો ડીફેન્સ જાહેર કરી દીધા બાદ લેકયુના પુરવા માટે તેમજ બચાવ પક્ષનો બચાવ વોશઆઉટ કરવા માટે ફરીયાદ પક્ષને આ રજીસ્ટર રજુ કરવા માટે પરવાનગી આપી શકાય નહીં અને તેથી ફરીયાદ પક્ષની અરજી રદ્દ કરવા માટે રજુઆત કરેલ છે.

૩. જયારે આરોપી નં.૧ થી ૫ ના વિ.વ.કશ્રીઓએ દલીલ કરતા જણાવેલ છે કે ક્રિ.પ્રો.કોડની કલમ ૧૭૩મુજબ ફરીયાદ પક્ષે તેઓના પુરાવા અગાઉથી રજુ કરવા જોઇએ અને પાછળથી આ પ્રકારની પુરાવા રજુ કરવાની પરવાનગી

આપવામાં આવે તો બચાવ પક્ષના હકકોને નુકશાન જાય તેમ છે અને સાહેદ ભાવીકાબેનની તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ બચાવ પક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ રજીસ્ટર બાબતનો પ્રશ્ન પુછવામાં આવેલ અને હાલ ફરીયાદ પક્ષ આ ખામી દુર કરવા માટે બહારગામ મોકલેલ ટપાલનુ રજીસ્ટર રજુ કરવા માંગે છે જેથી પ્રોસીકયુશનને જયારે પુરાવો ચાલુ હોય ત્યારે આ પ્રકારનુ રજીસ્ટર રજુ કરવા માટે પરવાનગી આપી શકાય નહીં જેથી ફરીયાદ પક્ષની આંક–૩૦૧ ની અરજી રદ્ધ કરવી જોઇએ તેવી રજુઆત કરેલી છે.

૪. આ કામમાં બન્ને પક્ષકારોની રજુઆતો ધ્યાનમાં લીધી તેમજ ફરીયાદ પક્ષ તરફથી તેમની અરજીના સમર્થનમાં (૧) નામ. હાઇકોર્ટના **રમણભાઇ ભોળીદાસ પટેલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૫(૦)એઆઇજેઇએલ–એચસી ૨૫૧૧૧૯,** (૨) નામ. સુપ્રિમ કોર્ટના **ભાગ્યશ્રી પ્રશાંત વાસનકર વિરૂધ્ધ ધી સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૨૧ ૦ સુપ્રિમ કોર્ટ(બોમ્બે)૨૮૦,** (૩)**સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન વિરૂધ્ધ આર.એસ.પાઇ ૨૦૦૨ ૦ એઆઇઆર (એસસી) ૧૬૭૪** ના ચુકાદાઓ રજુ કરેલા છે અને જણાવેલ છે કે ફકત પ્રોસીકયુશને અગાઉ કોઇ દસ્તાવેજો ફાઇનલ રીપોર્ટમાં રજુ કરેલ નથી કે કોઇ સાહેદોને ફાઇનલ રીપોર્ટમાં જણાવેલા નથી તે માત્રથી ફરીયાદ પક્ષને વધુ પુરાવા રજુ કરતા અટકાવી શકાય નહીં અને ફરીયાદ પક્ષ જે પુરાવા રજુ કરવાના છે તેમાં બચાવ પક્ષને ઉલટ તપાસની પુરતી તક મળી રહે તેમ છે. ફરીયાદપક્ષ તરફથી બહારગામ મોકલેલ ટપાલનુ નીલ રજીસ્ટર જે વર્ષ ૨૦૧૯ નું છે તેને રજુ કરવા પરવાનગી આપવામાં આવે તો બચાવ પક્ષને કોઇ નુકશાન થાય તેમ નથી અને તેઓને બચાવની પુરતી તક મળી રહે તેમ

છે જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાનમાં લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

- ફરીયાદ પક્ષની આંક–૩૦૧ ની અરજી મંજુર કરવામાં આવે છે અને ફરીયાદ પક્ષને વર્ષ ૨૦૧૯ નુ બહારગામ મોકલેલ ટપાલનુ નીલ રજીસ્ટર રજુ કરવા પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૬
વડોદરા

**(વિકુલ કનુપ્રસાદ પાઠક)**
સત્ર ન્યાયાધિશ
વડોદરા
કોડ નં.જીજે ૦૦૪૬૮